SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2026-27/94 Dt. 07/09/2026

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરની લેડીઝ વિંગ દ્વારા 'એક શામ ગુજરાતી અભિનેત્રીઓ કે નામ' કાર્યક્રમ યોજાયો

## સુરતી અભિનેત્રીઓ હીના જયકિશન અને સાત્વી ચોકસી સાથે મહિલાઓનો પ્રેરણાદાયી સંવાદ

## અભિનય ક્ષેત્ર બહારથી જેટલું ઝગમગતું દેખાય છે તેની પાછળ એટલો જ સંઘર્ષ અને સમર્પણ હોય છે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

સુરત, 07 સપ્ટેમ્બર 2026:

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની લેડીઝ વિંગ દ્વારા સરસાણા સ્થિત સંહતિ પરિસરના મહેતા હોલ ખાતે 'એક શામ ગુજરાતી અભિનેત્રીઓ કે નામ' વિશિષ્ટ ટોક-શો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી સિનેમાની અને રંગમંચની જાણીતી સુરતી અભિનેત્રીઓ સુશ્રી હીના જયકિશન અને સુશ્રી સાત્વી ચોકસીએ ઉપસ્થિત રહી પોતાના અભિનય પ્રવાસ અને સંઘર્ષની રસપ્રદ વાતો મહિલા સભ્યો સમક્ષ રજૂ કરી હતી.

**ઝગમગાટ પાછળનો પરિશ્રમ પ્રેરણાદાયી: અશોક જીરાવાલા**

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, "અભિનય જગત બહારથી જેટલું આકર્ષક અને ગ્લેમરસ દેખાય છે, તેની પાછળ કલાકારોનો એટલો જ કઠોર પરિશ્રમ, સમર્પણ અને સંઘર્ષ રહેલો હોય છે. આ સાંજ માત્ર મનોરંજન પૂરતી સીમિત નથી, પરંતુ બંને અભિનેત્રીઓના જીવન સંઘર્ષ અને સફળતામાંથી નવી ઊર્જા તેમજ જીવનમાં આગળ વધવાની પ્રેરણા મેળવવાનો ઉત્તમ અવસર છે."

લેડીઝ વિંગના ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, મહિલાઓમાં પ્રતિભા, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસની કોઈ કમી નથી. યોગ્ય માર્ગદર્શન, તકો અને સતત મહેનત દ્વારા મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં સફળતાના શિખરો સર કરી શકે છે. ગુજરાતી ફિલ્મ અને મનોરંજન ક્ષેત્રમાં સુરતની મહિલાઓએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે, જે સમગ્ર સુરત માટે ગૌરવની બાબત છે.

**મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને: હીના જયકિશન**

'કૃષ્ણાવતારમ્', 'ચૂપ', 'કચ્છ એક્સપ્રેસ' અને 'હિપ હિપ હુરે' જેવી લોકપ્રિય ફિલ્મોમાં અભિનય કરનાર અભિનેત્રી સુશ્રી હીના જયકિશને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, "વ્યક્તિ જેટલો પરિશ્રમ કરે છે તેટલું જ તેનું વ્યક્તિત્વ નિખરે છે. વર્તમાન સમયમાં મહિલાઓએ આર્થિક રીતે આત્મનિર્ભર બનવું અનિવાર્ય છે. સમાજના ડરથી પોતાના સપનાઓને અધૂરા છોડવાને બદલે યોગ્ય આયોજન અને હિંમતથી તેને સાકાર કરવા કાર્ય કરવું જોઈએ."

**સપનાઓમાં વિશ્વાસ જ સફળતા અપાવે છે: સાત્વી ચોકસી**

ગુજરાતી રંગમંચમાં 11થી પણ વધુ સફળ નાટકો કરનાર અભિનેત્રી સુશ્રી સાત્વી ચોકસીએ જણાવ્યું હતું કે, "કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરવા માટે માત્ર પ્રતિભા પૂરતી નથી, તેની સાથે અથાક મહેનત, ધીરજ, આત્મવિશ્વાસ અને પોતાના સપના પર અડગ વિશ્વાસ રાખવો જરૂરી છે." તેમણે થિયેટર અને ફિલ્મોમાં એન્ટ્રીથી માંડીને ઓડિશન પ્રક્રિયા, શરૂઆતી નકારાત્મકતાઓ અને સફળતા સુધીની સફરના વણકહ્યા અનુભવો નિખાલસપણે રજૂ કર્યા હતા.

કાર્યક્રમમાં ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી તેમજ લેડીઝ વિંગનાં પૂર્વ ચેરપર્સન્સ અને મોટી સંખ્યામાં મહિલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સભ્ય શ્રીમતી શ્રદ્ધાબેન શાહે સંભાળ્યું હતું, જ્યારે સભ્ય શ્રીમતી રોશની ટેલરે આભારવિધિ કરી